**નામદારશ્રી ત્રીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ભુજ–કચ્છ.**

***ફોજદારી કેસ નંબર – ૩૭૪/૨૦૨૬***

**ફરિયાદી.. શ્રી સરકાર**

***વિરૂદ્ધ***

**આરોપી..** **સંજય તેજારામ યાદવ,**
ઉ.વ.૨૨, ધંધો–મજુરી,
રહેવાસી–ખાસરા ગ્રાઉન્ડની બાજુમાં ઝુપડપટીમાં
તા,ભુજ–કચ્છ

**<u>આંક :– ૧ લગત હુકમ</u>**

આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે લીગલ સર્વિસ ઓથોરીટી ભુજ ધ્વારા યોજાયેલ સ્પેશિયલ લોક અદાલત સીટીંગમાં કામ હાથ ઉપર લીધું. આરોપીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા વકીલાત પત્ર રજૂ કરી આરોપીની ઓળખાણ આપી હાજર થઈ આ ગુન્હાની કબૂલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી, લોક અદાલત સંબંધે સ્પેશિયલ સીટીંગમાં કબૂલાતને પાત્ર ગુનામાં કબૂલાત લેવાની હોય આ પ્રકારના ગુન્હામાં આરોપી કબૂલ કરવા માંગતો હોય ત્યારે કબૂલાત સંબંધે સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીના વિધ્વાન વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આરોપીએ ગુનો સ્વેચ્છાએ કબૂલ કરેલ છે આરોપીનો આ પ્રથમ ગુનો છે, તથા તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. જેથી આરોપીને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. આરોપીના વિધ્વાન વકીલશ્રી દ્વારા કરેલ ધારદાર રજૂઆતોને ધ્યાને લઈ, નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીચંદુજી ઠાકોરનાં રિપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપનાં ગુનામાં આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા તથા આરોપીના વિધ્વાન વકીલશ્રીની ધારદાર રજૂઆતો તથા રજૂ કબૂલાત પુરશીસ ધ્યાને રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને **બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી એક્ટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ**નાં ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચ સો પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **દિન–૦૨** ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતની સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– ભુજ–કચ્છ.

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
ત્રીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ
ભુજ–કચ્છ. કોડ નંબર–૧૨૮૯